# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં ફા.ટી.પી. સ્કીમ નં. ૭ (આંજણા), ફા.પ્લોટ નં. ૧૮૮ પૈકીમાં આવેલ માનદરવાજા ટેનામેન્ટના બિલ્ડીંગ નં. એ-૧ થી એ-૫ માં આવેલ કુલ: ૩૨૦ ફ્લેટો ઉતારી પાડવા બાબત.

ફા.ટી.પી. સ્કીમ નં. ૭ (આંજણા), ફા.પ્લોટ નં.૧૮૮ પૈકીમાં આવેલ માનદરવાજા ટેનામેન્ટના બિલ્ડીંગ નં. એ-૧ થી એ-૫ માં ગ્રા.ફ્લોર + ત્રણમાળના કુલ: ૩૨૦ ફ્લેટો ખુબ જર્જરીત હાલતમાં હોય વર્ષ ૨૦૨૧ માં સદર ફ્લેટોનો વસવાટ ખાલી કરાવી સીલ કરવામાં આવેલ ત્યારબાદ ગત તારીખ ૨૩/૦૬/૨૦૨૪ના રોજ સદર આવાસના પશ્ચિમ દિશા તરફની દિવાલનો જર્જરીત ભાગ તુટી પડેલ જેમાં કોઈ જાનહાની થયેલ ન હતી પરંતુ ભવિષ્યમાં આ પ્રકારનો અકસ્માત થવાની સંભાવના રહેલ હોય સદર એ-૧ થી એ-૫ ટેનામેન્ટને લાગુ રસ્તા પરથી પસાર થતા ટેનામેન્ટની નજીક રહેતા લોકોની જાનમાલની નુકશાન થવાની સંભાવના રહેલ હોય સલામતીના કારણોસર ટેનામેન્ટને લાગુ રસ્તો બંધ કરી સદર જર્જરીત એ-૧ થી એ-૫ ટેનામેન્ટના ગ્રા.ફ્લોર + ત્રણમાળના કુલ: ૩૨૦ ફ્લેટોનું અંદાજિત ૧૫૦૦૦.૦૦ ચો.મી માપ વિસ્તારનું બાંધકામ દુર કરી ઉતારી પાડવાની કામગીરી તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજથી હાથ ધરવામાં આવેલ છે. જે હાલ પ્રગતિ હેઠળ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના ડે.કમિશ્નરશ્રીના અધ્યક્ષ સ્થાને કાર્યપાલક ઈજનેર ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૯૫
તા.૨૬/૦૬/૨૦૨૪